કલાસિફાઈડ

૧૪. નોકરી ખાલી છે

■ પુરુષ/સ્ત્રી ટેલીકોલર જોઈએ મલાડ (ઈસ્ટ) સ્ટેશન પાસે. પગાર 10 હજાર સુધી. ગુજરાતી બોલનાર. ઉંમર 30થી ઓછી: 9222222248. (બી-૮૭૬૦)

૧૭. જગ્યા આપવી છે

■ 1 R K ચાલ, ભાયંદર (વેસ્ટ) 8 લાખ. સંપર્ક 7039264595. (બી-૮૭૨૪)

કાંદિવલી (વેસ્ટ)

૧ બેડ ૮૯ લાખમાં, ૨ બેડ ૧.૩૬ કરોડમાં જોડી ફ્લેટ પણ મળશે, ૨૧ માળની નવી બિલ્ડીંગ, કલબ હાઉસ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે સંપર્ક- 9930303540. (૧૦૨૨૧/એ)

૧૮. જગ્યા જોઈએ છે

A DIAMOND MERCHANT from Antwerp urgently requires 2-3 BHK on Ownership, Preferable Seafacing in South Mumbai. (Brokers Most Welcome). Call: 9987310819. (10225/C)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, ઈન્ડીપેન્ડેન્ટ બિલ્ડીંગ, ફલેટ લેવા, વેચવા ભાડેથી. રાજેશ દડિયા 9326495003/ 9322762805. (૯૬૯૫-એ)

વસઈ - કામણ

સાતીવલી - વાલીવ - હાઈવે - સિરસાડ - પોમણ - બાપાને - સસુનવઘર - ઈન્ડસ્ટ્રીયલ - ગાળા - શેડ - યુનિટ - પ્લોટ - લેવા-વેચવા - ભાડેથી - ગોપીભાઈ - 9326472399, જીતેન્દ્રભાઈ - 9372098465. (૯૫૩૮-એ)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા - વેચવા - ભાડેથી રૂષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય - 9326470109, 7977545225. (૧૦૧૫૭-એ)

૩૧. નાણાંકીય

ઈન્વેસ્ટમેન્ટ

મહિને 5%-7% નફો/ બિનારીસ્ક ટ્રેડિંગ. કેપિટલ તેના પોતાના ખાતામાં 100% સુરક્ષિત. એગ્રીમેન્ટ સાથે. અંધેરી: 8652152275 / 02240066112. (૧૦૦૫૨-એ)

૩૩. ધંધાદારી

''પ્રતાપ પેકર્સ-મુવર્સ''

૪૬ વર્ષથી ઓફીસ / ઘરસામાન, ફેરવવા - ૯૯૨૦૯૫૫૨૯૧, ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૪૬-એ)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ અત્યંત પ્રભાવશાલી ધન, લગ્ન, લવ થોડા કલાકોમાં કોઈ પણ કામ સિદ્ધ. ગુરુજી : ૭૨૧૯૦૦૪૫૧૭. (૧૦૨૨૯/બી)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ, 8779622094 / 9773226675. (કાંદિવલી). (૧૦૧૪૭-એચ)

એસ પેસ્ટીસાઈડ

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: ૨૮૬૨૫૯૨૯, ૯૨૨૦૭૮૯૫૩૩, ચીરાબજાર: ૯૦૨૯૧૮૧૦૩૦. (૧૦૧૪૭-આઈ)

૫૧. ખરીદવું છે

WE BUY OLD WATCHES

Rolex, Omega, Cartier, Tudor, A.P., Patek Philippe, Hublot etc. Atul 9820147144. (B-8713)

૫૨. કુરીઅર્સ

■ દુનિયાભરમાં વિશ્વાસપૂર્વક મોકલાવો. ''જૂના જાણીતા'' ગિરીશભાઈ: ૯૩૭૨૪૭૨૦૦૭, ૯૮૧૯૧૬૮૭૩૭. (બી-૮૬૨૭)

એડબ્લ્યુસીસી પ્રા. લિ.

આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસાપાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૮૭૨૧)

■ પરદેશ પાર્સલ સર્વિસ - ચીપ્સ એક્સપ્રેસ પ્રા. લી. ઓમ નગર, અંધેરી (ઈસ્ટ) મોબાઈલ: 09898036257, 09320095632. (બી-૮૭૦૪)

મુંબઈમાં ટ્રાફિકની સમસ્યા યથાવત્

મેટ્રોની સાઈટ માટે એમએમઆરડીએને મળતા નથી ટ્રાફિક વૉર્ડન

મુંબઈ: મુંબઈ સહિત મેટ્રો પોલિટન રિજનમાં મેટ્રો નિર્માણનું કામકાજ ચાલી રહ્યું છે, તેથી ટ્રાફિકની સમસ્યાને ઘટાડવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા ટ્રાફિક વોર્ડનની નિમણૂક કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ હજુ સુધીમાં મળતા નથી. જોકે, અત્યાર સુધીમાં કોઈ કોન્ટ્રાક્ટર મળ્યા નથી, પરિણામે ટૅન્ડરની મુદત બે અઠવાડિયા વધારવામાં આવી છે.

મુંબઈ સહિત આસપાસના વિસ્તારોમાં રહેનારા લોકો માટે મેટ્રોનું નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે અંતર્ગત વિવિધ જગ્યાએ કામકાજ ચાલી રહ્યું છે, પરંતુ ઠેરઠેર કામકાજ ચાલતુ હોવાથી વાહનચાલકોને અવરજવર કરવામાં હાલાકી પડી રહી છે, પરિણામે ઠેરઠેર ટ્રાફિકજામની સમસ્યા ઊભી થઈ રહી છે, જ્યાં અમુક જગ્યાએ બૅરિકેડ્સ મૂકવામાં આવ્યા હોવાથી ચાર લેનના રસ્તા પણ એક લેનના લાગે છે, તેથી ક્યારેક રસ્તા પર અકસ્માતનું જોખમ ઊભું થાય છે. અકસ્માત સહિત ટ્રાફિકની સમસ્યામાં વધારો થયા પછી એમએમઆરડીએએ ટ્રાફિક વોર્ડનની નિમણૂક કરવાનો નિર્ણય લીધો હતો તથા તેના માટે ઓથોરિટીએ સાત કરોડ રૂપિયાનો ખર્ચ નક્કી પણ કર્યો છે તથા તેના માટે નિયુક્ત કરવામાં આવેલી એજન્સીએ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું છતાં તેના મુદ્દે પ્રશાસનને પીછેહઠ કરવાની નોબત આવી છે. ટ્રાફિક વોર્ડન નહીં હોવાથી એલબીએસ માર્ગ, જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ભિવંડીથી અમુક કિલોમીટરના અંતર પૂરું કરવામાં પણ કલાકોના સમય લાગે છે. મુંબઈ મેટ્રો સાત, મેટ્રો ચાર, મેટ્રો-ટૂએ, મેટ્રો-૬ અને મેટ્રો પાંચ અને અન્ય પ્રોજેક્ટનું પણ કામકાજ ચાલી રહ્યું છે, તેથી મેટ્રોને કારણે લગાવેલા બૅરિકેડ્સને કારણે પીક અવર્સમાં લોકોને ટ્રાવેલ કરવામાં કલાકોનો સમય લાગે છે, પરિણામે લોકોના સમયમાં વેડફાટ થાય છે અને લોકોની હાલાકી પણ વધારો થયો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મોબાઈલ મારફત ટિકિટ બુકિંગ

બે દિવસમાં ૧૧,300થી વધુ ટિકિટનું વેચાણ

મુંબઈ: કોરોના પ્રતિરોધક રસીના બંને ડોઝ લેનારા પ્રવાસીને લોકલ ટ્રેનની ટિકિટ-સિઝન ટિકિટ ઈશ્યૂ કરવાની મંજૂરી આવપામાં આવી હતી, ત્યારબાદ સોમવારથી સબર્બન મુંબઈ રેલવેમાં મોબાઈલથી ટિકિટ ઈશ્યૂ કરવાની મંજૂરી આપતા બે દિવસમાં ૧૧,૩૦૦થી વધુ ટિકિટનું વેચાણ કરવામાં આવ્યું હતું. રસીના બંને ડોઝ લેનારા લાભાર્થીને લોકલ ટ્રેનમાં પ્રવાસની મંજૂરી આપ્યા પછી તબક્કાવાર વિવિધ રાહતો જાહેર કરવામાં આવી હતી, જેમાં છેલ્લે મોબાઈલ મારફત ટિકિટ ઈશ્યૂ કરવાની મંજૂરી આપી હતી. યુનિવર્સલ પાસ સિસ્ટમને અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (યુટીએસ)ની સાથે લિંક કરવામાં આવી છે, જે ગૂગલના પ્લે સ્ટોરમાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

છેલ્લા બે દિવસમાં મોબાઈલ મારફત ૧૧,૩૦૦થી વધુ ટિકિટનું વેચાણ કરવામાં આવ્યું હતું, જેમાં પશ્ચિમ રેલવેમાં બે દિવસમાં ૮,૧૨૧ ટિકિટનું વેચાણ થયું હતું. પહેલા દિવસ દરમિયાન પશ્ચિમ રેલવેમાંથી ૨,૮૦૭ જેટલી ટિકિટ તથા ૯૭૨ જેટલા સિઝન પાસનું વેચાણ થયું હતું, એમ રેલવેના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. જોકે, મધ્ય રેલવેમાં પહેલા દિવસે ૩,૫૦૯ ટિકિટ ઈશ્યૂ કરી હતી, જ્યારે ૧,૦૩૪ જેટલી સિઝન ટિકિટ બુક થઈ હતી. ઑનલાઈન ટિકિટ ખરીદવામાં હજુ પણ અમુક પ્રવાસીઓને મુશ્કેલી પડી રહી છે, પરંતુ બે-ત્રણ દિવસમાં સિસ્ટમ અપગ્રેડ થવાથી મુશ્કેલી પડશે નહીં, એવો રેલવેના અધિકારીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પર્યટનને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર સજ્જ

પ્રાચીન મંદિરો અને ગુફાઓનું કરાશે સંવર્ધન

મુંબઈ: રાજ્યના પર્યટનને પ્રોત્સાહન આપવા માટે પ્રાચીન મંદિરો અને ગુફાઓના સંવર્ધન સાથે મંદિર વિસ્તારનો વિકાસ કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં એકવીરા માતા, ખંડોબા, ધૂતપાપેશ્વર, કોપેશ્વર, ગોંદેશ્વર, શિવમંદિર જેવા પ્રાચીન મંદિરો માટે પુરાતત્વ નિષ્ણાતોની નિમણૂક કરી છે. આગામી ત્રણ મહિનામાં આ અંગે વિસ્તૃત અહેવાલ તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ કામ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ રાખવામાં આવી છે. મહારાષ્ટ્રના પ્રાચીન મંદિરો અને ગુફાઓની દેખરેખ તથા સંવર્ધન કરી તેમને આંતરરાષ્ટ્રીય દરજ્જો અપાવી પર્યટન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે તૈયારી શરૂ કરી છે. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનને આ અંગેની જવાબદારી સોંપવામાં આવી છે. આ પ્રકલ્પનું સ્વરૂપ કેવું હોવું જોઇએ, કયા કામને પ્રાધાન્ય આપવું તથા સંશોધન કરવા માટે સરકાર દ્વારા સમિતિની રચના કરવામાં આવી હતી.

અલીબાગમાં હાથ બનાવટનો બૉમ્બ ફાટતાં એકનું મોત

અલિબાગ: રાયગડ જિલ્લાના માનગાંવ ખાતે હાથબનાવટનો બૉમ્બ ફાટતાં ૪૦ વર્ષના શખસનું મૃત્યુ થયું હતું, જ્યારે તેની પત્ની અને ૧૦ વર્ષનો પુત્ર જખમી થયાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું. માનગાંવમાં થયેલા આ ધડાકા બાદ પોલીસે માનગાંવના મશીદ વાડી તાલુકા સ્થિત ધામની નદી નજીકથી હાથબનાવટના પચીસ બૉમ્બ હસ્તગત કર્યા હતા. આ વિસ્ફોટકોનો ઉપયોગ માછીમારી અને ડુક્કરને મારવા માટે કરાતો હતો. પોલીસના જણાવ્યા મુજબ બૉમ્બ ફાટવાને કારણે સંદેશ ચૌહાણનું મૃત્યુ થયું હતું, જ્યારે તેની પત્ની અને પુત્રને ઇજા થઈ હતી. સારવાર માટે તેમને પનવેલની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.માનગાંવ પોલીસે હાથબનાવટના પચીસ બૉમ્બ હસ્તગત કર્યા હતા. સંદેશે ફોસ્ફરસ, ખીલા અને નદીના પથ્થરોનો ઉપયોગ કરીને આ બૉમ્બ બનાવ્યા હતા. મૃતકે બૉમ્બ બનાવવા માટે જમા કરેલો કાચો માલ પણ ઘટનાસ્થળેથી જપ્ત કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

વિરારમાં આદિવાસીઓને માર મારવા બદલ એકની અટક

ભાયંદર: પાલઘર જિલ્લાના વિરારમાંથી એક વ્યક્તિની કથિત રીતે આદિવાસી સમુદાયના કેટલાક સભ્યો સાથે દુર્વ્યવહાર અને મારપીટ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. વિરાર પોલીસે બુધવારે રાત્રે આરોપી વિકાસ નાઇકની ધરપકડ કરી હતી. વિરાર પૂર્વમાં ટોકરે કાટકરી પાડાના કાટકરી સમુદાયના કેટલાક સભ્યો દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. ફરિયાદમાં કહેવાયું છે કે નાઇકે એપ્રોચ રોડ મેળવ્યો હતો, જે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવ્યો હતો અને જેસીબી મશીનનો ઉપયોગ કરીને ખોદવામાં આવ્યો હતો. જ્યારે સ્થાનિક રહેવાસીઓએ તેને આ કામ બાબત વિશે પૂછ્યું, ત્યારે આરોપી અને તેના સાથીઓએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો અને માર માર્યો હતો. વિરાર પોલીસ સ્ટેશનમાં નાઇક અને અન્ય પાંચ સામે આઇપીસી કલમ ૧૪૩,૫૦૪ અને ૫૦૬ તેમજ એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

વેપારીનું અપહરણ: બે જણ પકડાયા

મુંબઈ: રિવોલ્વરની ધાકે વેપારીનું ગોવંડીથી કારમાં કથિત અપહરણ કરવામાં આવ્યા બાદ રૂપિયા માટે ધમકાવવા પ્રકરણે પોલીસે બે જણની ધરપકડ કરી હતી, જ્યારે તેમના બે સાથીની શોધ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારે બની હતી. ગોવંડી વિસ્તારમાં કારમાં આવેલા ચાર શખસે શરાફત અલીનું કથિત અપહરણ કર્યું હતું. અલીને તેની ઑફિસે લઈ જવામાં આવ્યો હતો. રિવોલ્વરની ધાકે વેપારી પાસેથી બે લાખ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. એ સિવાય પ્રોટેક્શન મની તરીકે દર મહિને ૪૦ હજાર રૂપિયા આપવાનું કહેવામાં આવ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

એસીપીનો આક્ષેપ

૨૬/૧૧ના આતંકી હુમલા દરમિયાન પકડાઈ ગયેલા આતંકવાદી કસાબને આઈપીએસ અધિકારી પરમબીર સિંહે કથિત મદદ કરી હતી. કસાબનો મોબાઈલ ફોન સિંહે સંતાડી રાખ્યો હતો અથવા કોઈને આપ્યો હતો, એવી તેમને શંકા છે.

પોલીસ કમિશનરને લખેલા પત્રમાં પઠાણે ફરિયાદ કરી હતી એ આતંકી રાતે કસાબને ગિરગાંવ ચોપાટી પાસેથી પકડી પાડવામાં આવ્યો હતો. તે સમયે તેની પાસે મોબાઈલ ફોન હતો, જે પોલીસને હાથ લાગ્યો હતો. કસાબ પકડાયો ત્યારે અનેક વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ચોપાટી પહોંચ્યા હતા, જેમાં તત્કાલીન એટીએસના અધિકારી સિંહનો પણ સમાવેશ થાય છે. સિંહે કસાબ પાસેથી મળેલો મોબાઈલ પોતાની પાસે રાખી લીધો હતો.

આતંકવાદી હુમલા સમયે પઠાણ દક્ષિણ મુંબઈના પાયધુની પોલીસ સ્ટેશનમાં સિનિયર ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. તેમનું કહેવું છે કે એ ફોન આતંકવાદી કેસમાં મહત્ત્વનો સબૂત સાબિત થયો હોત. એ ફોનના માધ્યમથી પાકિસ્તાનમાંથી મળતી સૂચનાનું કસાબ પાલન કરતો હતો. એ ફોન કસાબના પાકિસ્તાન અને ભારતમાંના હેન્ડલરની લિંકને સામે લાવી શક્યો હોત.

કસાબના કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી ત્યારે પરમબીર સિંહે એ ફોન ક્રાઈમ બ્રાન્ચના અધિકારીને સોંપ્યો નહોતો. આ કૃત્ય દેશના દુશ્મનોને મદદ કરવા સમાન હતું. તે સમયે ફોન ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હોત તો એ કેસમાં કદાચ વધુ મહત્ત્વની માહિતીઓ એકઠી કરી શકાઈ હોત.

પઠાણનું કહેવું છે કે હું એ કેસનો ભાગ નહોતો એટલે પછી મેં મામલાનો ફોલોઅપ ન કર્યું. જોકે તે સમયના ડી. બી. માર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીએ મને કહ્યું હતું કે આ બાબતે તેમણે એક વરિષ્ઠ પોલીસ અધિકારીને જાણ કરી હતી અને સિંહ પાસેથી ફોન મેળવી તપાસ માટે તપાસ એજન્સીને સોંપવાની વાત ઉચ્ચારી હતી, એવું પઠાણે પત્રમાં નોંધ્યું છે. અંતમાં પઠાણે પરમબીર સિંહ વિરુદ્ધ ફોર્મલ ફરિયાદ નોંધી આ મામલે તપાસ કરવાની માગણી કરી હતી.

એસટી હડતાળ

ટકાનો વધારો એટલે કે સરેરાશ રૂ. ૨,૫૦૦થી રૂ. ૫૦૦૦ સુધીનો વધારો આપવામાં આવશે જે એસટીના ઇતિહાસમાં સૌથી વધારે છે. ડિઅરનેસ અલાવન્સ સરકારી કર્મચારી જેટલું મળશે, એમ પરબે આંદોલન કરી રહેલા કર્મચારીઓને પાછા ફરજ પર આવવાની વિનંતી કરતા બેઠકમાં કહ્યું હતું. આ સિવાય દરમિયાનની દસ તારીખ સુધી વેતન કર્મચારીના અકાઉન્ટમાં જમા થઇ જવાની બાયંધરી પણ આપવામાં આવી હતી. ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાને કર્મચારીઓને ૨૪ કલાકની અંદર ફરજ પર હાજર થવાનું કહ્યું હતું. પત્રકારો સાથેની વાતચીતમાં અનિલ પરબે ગુરુવારે કહ્યું હતું કે તેમણે કર્મચારીઓના સસ્પેન્શન પાછા ખેંચવાની ખાતરી આપી છે. આ સિવાય શુક્રવાર સુધી તેઓ ફરજ પર નહીં આવે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. કર્મચારીની સેવાના વર્ષ પ્રમાણે તેને વેતનમાં વધારો આપવામાં આવશે જેને કારણે રાજ્ય સરકારની તિજોરી પર મહિનાનો રૂ. ૬૦ કરોડ અને વાર્ષિક રૂ. ૭૫૦ કરોડનું બોજો પડશે, એમ તેમણે બેઠકમાં કહ્યું હતું. એસટીને રાજ્ય સરકારમાં વિલિનીકરણ કરવાની માગણી સાથે ૨૮મી ઓક્ટોબરથી હડતાળ શરૂ થઇ હતી. નવમી નવેમ્બરે આંદોલન વધુ ઉગ્ર બનતા રાજ્યના તમામ એસટી ડેપો પર બસ સેવા ઠપ્પ થઇ હતી. (પીટીઆઇ)

એનસીપી

કરી રહેલા આઈપીએસ અધિકારી સિંહ છેલ્લા કેટલાક મહિનાથી ગુમ હતા. આખરે ગુરુવારે તે ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થયા હતા. સિંહ ગુરુવારે મુંબઈમાં હાજર થયા તે સિદ્ધ કરે છે કે તેમને ભાગેડુ જાહેર કરવાનું જરૂરી હતું. મુંબઈ પોલીસ કમિશનર પદેથી બદલી કરવામાં આવી ત્યારથી નવો હોદ્દો સંભાળવા માટે તે હાજર થયા નહોતા. ધરપકડથી રક્ષણ મેળવવા માટે તેમણે સુપ્રીમ કોર્ટમાં ધા નાખી હતી. મુંબઈમાં જાનનું જોખમ હોવાનું સિંહે કહ્યું કોર્ટમાં કહ્યું હતું તે વાત પર કોઈ વિશ્વાસ નહીં રાખી શકે, એમ મલિકે જણાવ્યું હતું. પરમવીરે રાજકીય કેસમાં ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા અનિલ દેશમુખ સામે ખોટા આક્ષેપો કર્યા છે. દેશમુખ કોર્ટમાં લડશે અને નિર્દોષતા સાબિત કરશે, એવું મલિકે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સિંહ અને અન્ય પોલીસ અધિકારીઓ સામે નોંધાયેલા ખંડણીના એક કેસમાં ગયા અઠવાડિયે મૅજિસ્ટ્રેટ કોર્ટે સિંહને ભાગેડુ જાહેર કર્યા હતા.

સિંહે છેલ્લે મેમાં ઑફિસમાં હાજરી આપી હતી. ત્યાર પછી તેઓ રજા પર ઊતરી ગયા હતા. ઑક્ટોબરમાં રાજ્ય પોલીસે બૉમ્બે હાઈ કોર્ટને જણાવ્યું હતું કે પરમબીર સિંહની ક્યાંય ભાળ મળતી નથી. દરમ્યાન મહારાષ્ટ્રના સિનિયર આઈપીએસ પોલીસ અધિકારી અને મુંબઈ અને થાણેના પોલીસ કમિશનર તરીકે કામગીરી કરી ચૂકેલા પરમ બીર સિંહ તેમની જિંદગી માટે જોખમ અનુભવતા હોવાની વાત જાણીને મને આઘાત લાગ્યો હતો, એમ મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન દિલીપ વળસે પાટીલે ગુરુવારે જણાવ્યું હતું.

મુંબઈ અને થાણેના પોલીસ કમિશનરના હોદ્દા પર રહી ચૂકેલી વ્યક્તિને પોતાની જિંદગીથી ખતરો અનુભવતા હોવાની વાત જાણીને મને આઘાત લાગ્યો હતો, એમ અહીં ઉપસ્થિત પત્રકારોને વળસે પાટીલે જણાવ્યું હતું. (પીટીઆઈ)

પ્લૅટફૉર્મ ટિકિટનું ભાડું

એમ જણાવ્યું હતું. તમામ રેલવે સ્ટેશનના પરિસરમાં રસીના બંને ડોઝ લેનારા લાભાર્થીને પ્લૅટફૉર્મની ટિકિટનું ભાડું દસ રૂપિયા લેવાનો પશ્ચિમ રેલવેના કમર્શિયલ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનો સમાવેશ થાય છે, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું.

કોવિડ-૧૯ના વધતા ફેલવાને કારણે રેલવે સ્ટેશન પરની ભીડને નિયંત્રણમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું તથા તેના માટે મુંબઈના સબર્બન સ્ટેશનના પ્લૅટફૉર્મની ટિકિટનું ભાડું વધારવામાં આવ્યું હતું, જેમાં દસ રૂપિયાના બદલે પચાસ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા. જોકે, મુંબઈ સહિત મેટ્રો પોલિટન રિજનમાં કોરોનાના કેસની સંખ્યામાં ઘટાડાને કારણે રેલવે પ્રશાસન દ્વારા ટિકિટનું ભાડું ઘટાડવામાં આવ્યું છે, જેમાં મધ્ય રેલવેના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી), દાદર, લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી), થાણે, કલ્યાણ તથા પનવેલ સ્ટેશનનો સમાવેશ થાય છે, તેથી કમર્શિયલ વિભાગ સહિત બુકિંગ વિન્ડો પરથી પ્લૅટફૉર્મની ટિકિટ દસ રૂપિયાની આપવાની રહેશે, એમ મધ્ય રેલવેની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

હિન્દુ મરણ

પચ્ચીસ ગામ ભાટિયા

જામકંડોણા હાલ મુંબઇ સ્વ. કુસુમબેન રતીલાલ સરૈયાના પુત્ર નરેન્દ્ર (ઉં. વ. ૭૮) શનિવાર તા. ૨૦-૧૧-૨૧ના શ્રીજીચરણ પામેલ છે. નિરંજના (નીરુ)બેનના પતિ. રામગંજ મંડીવાળા સ્વ. બાબુલાલ અમૃતલાલ આશરના જમાઇ. સ્વ. સરલાબેન, સ્વ. શશીકાંત તથા વિજયના મોટાભાઇ. મિતલ દિલેવશ આશર, રીના અમીત સ્વાલી તથા સેજલના પિતા. ઠે. ૧૯૩, વી. પી. રોડ., લાલજી દયાળ બિલ્ડિંગ, ૧લે માળે, રૂમ. નં. ૨૨, ૧/૨, મુંબઇ-૪૦૦૦૦૪.

મોઢ વણિક

હાલ બોરીવલી સૌરવ અગરવાલના ધર્મપત્ની અ. સૌ. ભક્તિ સૌરભ અગરવાલ (ઉં. વ. ૩૮) તા. ૨૫-૧૧-૨૧ના ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. ચી. કેયાનના મમ્મી, હીનાબેન તથા પંકજભાઇ જયંતીલાલ વોરાના દીકરી. રચિત-ક્રિના તથા કોમલ રીચી પટેલના બહેન. નીરજ (દીકુ) તથા અમિષાના ભત્રીજી. ભાસ્કરભાઇ તથા યશવંતભાઇ શાંતિલાલ ગાંધીના ભાણકી. તે સ્નેહલતાજી તથા શેખરજી અગરવાલના પુત્રવધુ. પ્રાર્થનાસભા તા. ૨૬-૧૧-૨૧ના રોજ સાંજે ૪થી ૬. ઠે. નિર્મલા હોલ, ૯૦ ફીટ રોડ, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી (ઇસ્ટ).

કચ્છી ભાનુશાલી

ભારતીલાલ ખીમજીભાઇ મોરારજીભાઇ ભદ્રા કચ્છ ગામ બીટીયારી હાલ વાશી (નવી મુંબઇ) (ઉં. વ. ૭૭) તા. ૨૩-૧૧-૨૧ના રોજ ઓધવશરણ પામેલ છે. સ્વ. ભચીબાઇ (દેવકીબાઇ) અને સ્વ. ખીમજીભાઇના પુત્ર. સ્વ. તારાબેનના પતિ. કિશોરભાઇ, સંજયભાઇના પિતા. હિનાબેન અને ભારતીબેનના સસરા. ભાણજીભાઇ દેવચંદભાઇ માવના જમાઇ. વસંતભાઇના નાનાભાઇ. સ્વ. લક્ષ્મીબેન, સ્વ.તુલસીદાસ મીઠુભાઇ મંગે, તેરા, સ્વ.શાંતાબેન, સ્વ. ત્રિભુવનદાસ પુરુષોતમભાઇ નાખુવા પરિવાર માંડવી. સાકરબેન (નિર્મલાબેન) પુરુષોતમભાઇ ત્રિકમદાસ ગજરા જખૌ મુલુંડના ભાઇ.લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ

ભાવનગર હાલ વિદ્યા વિહાર, મુંબઇ દિનેશભાઇ દવે (ઉં. વ. ૭૧) તે સ્વ. વિજયાબેન મુકુંદરાય દવેના પુત્ર. તે ગીતાબેનના પતિ. અ. સૌ. શ્રુતિ લતેશ જોષી તથા યશના પિતા. તે સ્વ. મનુભાઇ, સ્વ. કિશોરભાઇ, સ્વ. મહેશભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, હરેનભાઇ તથા ભરતભાઇના ભાઇ. તે સ્વ. નિર્મળાબેન દિનુભાઇ જોશીના જમાઇ. અરુણભાઇ જોશીના બનેવી. તા. ૧૮-૧૧-૨૧ના ગુરુવારના ભાવનગર મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

પરજીયા સોની

મહુવા હાલ વિલેપાર્લા કૃષ્ણકુમાર મોહનલાલ ચોકસીના ધર્મપત્ની મિનાક્ષીબેન (ઉં. વ. ૮૨) તે સામંત હિરજી કતિરાની પુત્રી. નંદિની, લીના, દેવાંગના માતુશ્રી. જાનકીના સાસુ. દેવના દાદી. તે તા. ૨૪-૧૧-૨૧ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

હાલાઇ લોહાણા

જામ ખંભાળિયા હાલ કાંદિવલી ગં. સ્વ. કંચનબેન હરજીવનદાસ દત્તાણી (ઉં.વ. ૯૧) તે સ્વ. હરજીવનદાસ હરિદાસ (નાથાલાલ)ના પત્ની. સ્વ. ભાણજી પરસોત્તમ પારપાણીના દીકરી. તે જીતુભાઇ, પ્રકાશભાઇ, અ. સૌ. પ્રવિણાબેન કિશોરભાઇ ઠક્કરાર, અ. સૌ. હર્ષાબેન સુભાષચંદ્ર મજીઠીયાના માતુશ્રી. તે નિશાંત, હેમલ, માનસી, કિંજલ, નિરવના દાદી. તે તેજસ, તુષાર, દિયા, રિદ્ધિ, જયના નાનીમાં તા. ૨૫-૧૧-૨૧ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

વિશા સોરઠિયા વણિક

પ્રભાસ પાટણ હાલ કાંદિવલીના ગં.સ્વ. ઉષાબેન (ઉં.વ. ૮૧) તે સ્વ. રાજુભાઈ હરકીશનદાસ શાહના ધર્મપત્ની. પોરબંદરવાળા સ્વ. વલ્લભભાઈ હેમરાજ શાહના દીકરી. હેમંત, કિરણ, ભરત તથા વસંતબેનના બહેન. પરિમલ-અસૌ. લોપા, અંજુ અતુલકુમાર શાહ તથા પૂર્વી દેવાંગકુમાર મેઘાણીના માતુશ્રી. રુચિતા, અર્ચિત, જયનીશ, યુગ તથા રોનિતના બા. ૨૩/૧૧/૨૧ના રાજકોટ મુકામે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ઘોઘારી લોહાણા

રમેશચંદ્ર ભગવાનજી સૂચક (ઉં.વ. ૭૨), સાવરકુંડલા હાલ મીરાંરોડ, તે ગીતાબેનના પતિ. ચિરાગ, પંકજ, વિપુલ, દક્ષાબેન જીતેશભાઈ માણેક, મીનાબેન અશ્વીનભાઈ માધવાણીના પિતાશ્રી. સૌ. નીતા તથા સૌ. સારિકા તથા અ.સૌ. હીનાના સસરા. મહેન્દ્રભાઈ તથા હિરાબેન, વિલાસબેનના ભાઈ. તે જગજીવનભાઈ જેઠાલાલ કારીયા તથા નંદલાલના બનેવી તા. ૨૫-૧૧-૨૧ને ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થના સભા તા. ૨૭-૧૧-૨૧ ને શનિવારના સવારે ૯ થી ૧૧. લોહાણા મહાજન વાડી, મહાજન બેન્કવિટ હોલ,બેવર્લી પાર્ક, કનાકીયા રોડ, મીરાં રોડ (ઇ.). (લૌકિક પ્રથા બંધ છે).

૨૫ ગામ ભાટિયા

ભાવનાબેન આશર (ઉં.વ. ૬૯) એન્ટવર્પ (બેલજીયમ) તા. ૧૮-૧૧-૨૧ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કૌષીકભાઈ ભણસાલીના ધર્મપત્ની. સ્વ. ઉર્મિલાબેન તથા સ્વ. ચંદ્રકાંતભાઈ ભણસાલીના પુત્રવધૂ. સ્વ. જમનાબેન તથા સ્વ. વ્રજલાલભાઈ આશરની પુત્રી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

હાલાઇ લોહાણા

મેવાસા હાલ કાંદિવલીના સ્વ. છોટાલાલ (બચુભાઈ) ગોરધનદાસ રુઘાણીના ધર્મપત્ની ગં.સ્વ. કાંતાબેન રુઘાણી (ઉં.વ. ૮૨) તે સુરેશ, જયેશ, કિશોર, આશા અમૃતલાલ ધનેશા, હર્ષા રાજેશકુમાર તન્ના, દક્ષા દેવેનકુમાર તન્નાના માતુશ્રી. જ્યોતિ, આશા તથા પારુલના સાસુ. નિશા નીરવ માધવાણી, રાજ, નચિકેત, મીરા, યશ્વી, સુત્રી તથા વંશના દાદી. સ્વ. દેવજી ગોવિંદજી દાવડાના પુત્રી. ૨૪/૧૧/૨૧ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા

સ્વ. વાલજી જેઠમલ કેસરીયા કચ્છ ગામ નરેડી હાલ મુલુન્ડના પુત્ર કાનજીભાઇ (ઉં.વ. ૮૧) તે સ્વ. વીરબાળાબેનના પતિ. તે વેલજી માધવજી આઇયા કચ્છ મોથારા વાલાના જમાઇ. દામજીભાઇ સ્વ. લીલાધરભાઇ, ગં. સ્વ. હેમલતાબેનના ભાઇ. મહેશ, જયેશ, અતુલના પિતા. ભારતી તથા આરતીના સસરા. તા. ૨૪-૧૧-૨૧બુધવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

કપોળ

અમરેલીવાળા સ્વ. અનસુયાબેન બિહારીભાઇ (લાલ) દ્વારકાદાસ દેસાઇના પુત્રવધૂ નીતા (ઉં. વ. ૬૭) તે રોહિતભાઇના પત્ની. દેવાંગ, બીજલ, બીનલના માતુશ્રી. તે સ્વ. રંજનબેન હરકીશનદાસ ગોરડીયા, સ્વ. ભારતીબેન વિજયકુમાર પારેખ તથા સ્વ. ચંદ્રકાંતભાઇના ભાભી. તે નોંઘણવદર સ્વ. દામોદરદાસ હરજીવનદાસ મહેતાની દીકરી. તા. ૨૧-૧૧-૨૧ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

પારસી મરણ

ફેની નાદીર સોડાવોટરવાલા તે મરહુમ નાદીર પીરોજશાહ સોડાવોટરવાલાના ધણિયાની. તે મરહુમ માનેકશાહ અને દોલતબાનુ ફીતરના દીકરી. તે ડેઝી નોઝર સબાવાલા અને વીરાફના માતાજી. તે નોઝર સોલી સબાવાલા અને મરહુમ દેલનાઝ વીરાફ સોડાવોટરવાલાના સાસુજી. તે ખુશનુમા અને જેહાનના મમઇજી. તે મરહુમો દોસા, ખોરશેદ, ધનજી, બેહેરામના બહેન. તે જરૂ, ફરીદા, શેહેરનાઝ, કેતી, સાયરસ, દારાયસ, શાહરુખના માસી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૫-૧૯, ૪થા માળે, ગોદરેજ બાગ, ઓપો. નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : ૨૬-૧૧-૨૧ બપોરે ૩.૪૫ વાગે ઓલબ્લેસ બગલીમાં છે જી.

ફેની બમનશાહ વેદ તે મરહુમો બમનશાહ અને હીરાબાઇ વેદના દીકરી. તે મરહુમો બાનુ, ધન, જાલુના બહેન. તે મરહુમો સોહરાબજી, ગુસ્તાદજી, નોશીરના સાલી. તે આરમાઇતી, બેપસી, હુતોશ્રસી, દારા, સુનુ, મેહેરૂ, ગુલુ, સરોશના માસી. તે જાલ અને મરજબાનના માસી સાસુ. તે એરચ, રતી, શાપુર અદીના માસીની દીકરી. (ઉં. વ. ૮૩) રે. ઠે. પારસી પંચાયત કવાર્ટસ, રૂમ. નં. ૧૨, આમ્બાવાડી, બી. જી. ખેર, મારગ રોડ, મલબાર હીલ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા : ૨૬-૧૧-૨૧ બપોરે ૩.૪૫ વાગે શેઠના અગિયારીમાં છેજી.

જૈન મરણ

વેરાવલ વિશા ઓસવાલ જૈન

વેરાવલ હાલ કાંદિવલી, સ્વ. નવલબેન માણેકલાલ હરખચંદ શાહના પુત્ર હરીલાલ (ઉં. વ. ૯૦) તે સ્વ. ચંદ્રકાંતાબેનના પતિ. દીપક, દીના, કેતન તથા કલ્પેશના પિતા. તે કાનનબેન તથા દીલીપભાઇ ચંપકલાલના સસરા. હીનલ ગૌરવભાઇ, ચાર્મી તથા પ્રયુતના દાદા-નાના. તા. ૨૫-૧૧-૨૧ ગુરુવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

પાટણ જૈન

પાટણ વિશા જૈન શાંતિનાથની પોળ, સ્વ. હર્ષાબહેન વિનોદચંદ્ર ચીમનલાલ શાહના દીકરા નયન (ઉં. વ. ૪૮) તા. ૨૩-૧૧-૨૧ના અરિહંતશરણ થયા છે. તે સુનીલનાં નાનાભાઇ. પારસનાં કાકા. અ. સૌ. બીજલના દિયર. લૌકિક વ્યવહાર બંધ છે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન

ધોરાજી હાલ દહિસરના સૌ. કાશ્મીરા તથા જયંતીલાલ મગનલાલ શાહના પૌત્ર તીર્થ શાહ (ઉં.વ. ૧૮) તે ૧૮/૧૧/૨૧ના ગુરુવાર રોજ નાગપુર મુકામે અરિહંતશરણ પામેલ છે. તે સૌ. દર્શના દેવાંગ શાહના પુત્ર. અ.સૌ. સીમા અમિત શાહ તથા સૌ. ભાવિકા આશિત શાહના ભત્રીજા. મોસાળપક્ષે શેગાંવનિવાસી ગં.સ્વ. નિર્મળાબેન નવીનચંદ્ર ભાયાણીના દોહિત્ર. બેસણું ૨૭/૧૧/૨૧ના શનિવાર બપોરે ૩ થી ૫ કલાકે નિવાસસ્થાન: દર્શન એપાર્ટમેન્ટ, હેપી હોમ સોસાયટી, જયવંત સાવંત માર્ગ, રોકડીયા લેનને નાકે, દહિસર (વે.). લીવર, કિડની તથા ચક્ષુદાન કરેલ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન

તલવાણા (કોલ્હાપુર)ના સૌ. રૂક્ષ્મણીબેન પ્રવિણચંદ્ર ફુરીયા (ઉં.વ. ૭૮) તા. ૨૨-૧૧-૨૧ના દેશમાં અવસાન પામ્યા છે. મા. કંકુબેન હરશીના પુત્રવધૂ. પ્રવિણચંદ્રના ધર્મપત્ની. કીરણ, જ્યોતિ, મહેશના માતુશ્રી. મોટી ખાખર પાનબાઈ રાયશીના સુપુત્રી. સ્વ. ડુંગરશી, સ્વ. ટોકરશી, ધનજી, રતીલાલ, બેરાજા ભાનુબેન નાના ભાડિયા રતનબેનના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રવિણભાઈ ફુરીયા, વર્ધમાન ટેરેસેસ, રાજારામપુરી, કોલ્હાપુર-૪૧૬૦૦૮.

નાગ્રેચાના માતુશ્રી લક્ષ્મીબેન (ઉં.વ. ૭૮) તા. ૨૩-૧૧-૨૧ના અવસાન પામેલ છે. હંસરાજ ધનજીના ધર્મપત્ની. કેસરબેન ધનજી મેઘજીના પુત્રવધૂ. ચંદ્રકાંત, સંજય, મીનાના માતુશ્રી. દેવપુરના પાનબાઇ/લક્ષ્મીબેન જીવરાજ કરમશીના સુપુત્રી. વલ્લભજી, નવિનચંદ્ર, ગોધરાના કંચન સુરેશ દેવચંદ, મેરાઉના ઉષા મણીલાલ વિશનજીના બેન. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. હંસરાજ ધનજી, વસંત બ્રીજી ચેમ્બર્સ, બ્લોક-૩, આંબેડકર રોડ, માટુંગા, મું. ૧૯.

ભુજપુર હાલે હૈદ્રાબાદના દર્શનાબેન દેઢીયા (ઉં.વ. ૬૫) તા. ૨૪-૧૧-૨૧ના અવસાન પામેલ છે. સ્વ. કાંતાબેન મગનલાલના પુત્રવધૂ. દિનેશના ધર્મપત્ની. પુજા, મિહિરના માતુશ્રી. પ્રાગપુર સાકરબેન કેશવજીના પુત્રી. જયશ્રી, જયેશ, જ્યોતિ, પ્રિતીના બેન. પ્રાર્થના રાખેલ નથી.

દેવપુરના બીજલ વિશાલ વીરા (ઉં.વ. ૩૪) તા. ૨૩/૧૧/૨૧ના અવસાન પામેલ છે. ગુણવંતી લક્ષ્મીચંદના પુત્રવધૂ. વિશાલના પત્ની. દિયાના મમ્મી. હેમલતા મુલચંદના પુત્રી. પત્રી નેહલ જીનેશ, મોથારા રોનક જયંતિલાલના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના: કચ્છ દેવપુર ગામે તા. ૨૬/૧૧/૨૧ સવારના ૧૦ થી ૧૧. ઠે. લક્ષ્મીચંદ રવજી વીરા, એ-૭, સેક્ટર-૨, રૂમ નં. ૧૦૨, શાંતિનગર, મિરા રોડ (ઇ.)

દશા શ્રીમાળી સ્થા. જૈન

સ્વ. રમાબેન રમણીકલાલ મડિયા (બગસરા નિવાસી) (ઉં. વ. ૮૬) હાલ ઘાટકોપર ગુરુવાર તા. ૨૫-૧૧-૨૧ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રમણીકલાલના ધર્મપત્ની. તેના સુપુત્ર વર્ષા રાજેન્દ્ર મડિયા, શિલ્પા અશોકભાઇ મડિયા, પુત્રી પ્રિતીબેન હેમંતભાઇ કોઠારી. તે સ્વ. નવલબેન અમૃતલાલ મડિયાના ભાભી. પીયર પક્ષે બાબુલાલ ખેતશી દોશી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

મરણ નોંધ માટે ખાસ સૂચના

કોરોના વાઇરસની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મરણ નોંધ આપવા માટે 'મુંબઈ સમાચાર'ના કાર્યાલય સુધી આવવાને બદલે ઇ-મેલથી મોકલી શકાશે. લેટરહેડ પર મરણનોંધ મોકલવા ઉપરાંત ડેથ સર્ટિફિકેટ અથવા લાકડાની રસીદ સાથે મોકલવી અનિવાર્ય રહેશે.

ઇ-મેલ: samachar.bombay@gmail.com

- વ્યવસ્થાપક